જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૪/૨૦૧૮ મંગળવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૭૮૫/૧૮**

## ગીર સોમનાથ જીલ્લામાં ટ્રેકટર ચોરી તથા પ્રોહીબીશન સહીત ના ત્રણ ગુન્હાઓમાં નાસતા ફરતા એક ઇસમને ચોરીના બુલેટ મોટર સાયકલ સાથે ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ,

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં સંયુકત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા અધિક નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદિપસિંહ ઝાલા નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં વાહનચોરી તથા મિલ્કત સંબધી ગુન્હાઓ કરતા આરોપીઓને શોધી કાઢવા સારુ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.પી.રોજીયા, તથા પોસઇશ્રી એસ.જે.જાડેજા તથા શ્રી એસ.બી.દેસાઇ તથા શ્રી આઇ.એસ.રબારી તથા સ્કોડના સ્ટાફનાં માણસો ને મળેલ બાતમી હકિકત આધારે ગૌરાંગ ઉર્ફે વિજયસિંહ S/O પ્રહલાદભાઇ ગીરજાશંકર જાતે રાવલ ઉવ૩૯ રહે. મ.નં. ૧, સરદાર પાર્ક સોસાયટી, પશાભાઇ પેટ્રોલપંપની પાછળ, હાઇવે, મહેસાણા નાને તા.૨૩/૦૪/૨૦૧૮ નારોજ એસ.જી. હાઇવે ગોતાબ્રિજ પાસેથી પક્ડી અટક કરી, તેઓની પાસેથી **એક રોયલ એનફીલ્ડ બુલેટ જેનો R.T.O નંબર લખેલ નથી તે કિં.રૂ. ૭૦,૦૦૦/-** નો મુદામાલ તપાસ અર્થે કબજે કરેલ છે.

પકડાયેલ આરોપીની પુછપરછ કરતા પોતાની પાસેનું મળી આવેલ રોયલ એનફીલ્ડ બુલેટ મોસા. વાહનચોરી કરતા પોતાના સાગરીત પાસેથી લીધેલ અને પાંચેક મહિનાથી તેનો ઉપયોગ કરતો હતો તથા પોતે ચોરી છુપીથી દમણ થી ઇંગ્લીશ દારુનો જથ્થો મંગાવી ગુજરાતમાં ગીરસોમનાથ જીલ્લામાં વેચતો હતો જેથી ચારેક વર્ષથી તલાલા પોલીસ સ્ટેશન અને પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશન એકટ મુજબના ગુનામાં નાસતો ફરતો હોવાનું જણાવેલ તેમજ વેરાવળ સિટી પોલીસ સ્ટેશનમાં વાહન ચોરી ના કેસમાં આજદિન સુધી નાસતો ફરતો હોવાનું જણાવેલ છે

**આરોપીનો ગુનાહીત ઇતિહાસઃ-**

પકડાયેલ આરોપી અગાઉ સને ૨૦૧૦ ચાંદખેડા પોલીસ સ્ટેશન, સાબરમતી પોલીસ સ્ટેર્શન, પેથાપુર પોલીસ સ્ટેશન, અડાલજ પોલીસ સ્ટેશન, માણસા પોલીસ સ્ટેશન માં અને ત્રણેક વર્ષ પહેલા મહેસાણા જીલ્લાના ઉંઝા પોલીસ સ્ટેશન તથા કડી પોલીસ સ્ટેશન તથા કડી બાવલુ પોલીસ સ્ટેશન તથા વિસનગર પોલીસ સ્ટેશનમાં વાહન ચોરીના ગુનાઓમાં પકડાયેલ છે

ઉપરોકત કબ્જે લીધેલ બુલેટ મોસા બાબતે ખાત્રી તપાસ કરતા અમદાવાદ શહેર ઘાટલોડીયા પોલીસ સ્ટેશન માં દોઢેક વર્ષ પહેલા દાખલ થયેલ ચોરીના ગુન્હાનું હોયસદરી આરોપીને ઘાટલોડીયા પોલીસ સ્ટેશનમાં સોંપવા સારુ તજવીજ કરવામાં આવેલ છે.

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

"એન" ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "એન" ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષાબાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ






નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.